


# અનેક ક્ષેત્રોમાં વર્ચસ્વ

## ચેરમેન બની વર્ષ ૧૯૯૩થી ૨૦૦૫ સુધી વિવિધ સમિતિઓને માર્ગદર્શન પૂરું પાડી અનેકવિધ કાર્યક્રમો યોજ્યા તથા વર્ષ ૨૦૦૨ થી આજ દિન સુધી ચેમ્બરના હાઉસ બુલેટીન 'સમૃદ્ધિ'નું સંપાદન કાર્ય કરતા રહ્યા છે

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કૉમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તરીકે ખ્યાતિ પામનાર સુરતના બી.એસ. અગ્રવાલ માત્ર એક જ નહીં પરંતુ અનેક ક્ષેત્રોમાં પોતાનું વર્ચસ્વ ધરાવે છે. તેઓ જે રીતે એક પછી એક સફળતાનાં સોપાનો સર કરતા ગયા તે આધુનિક યુવાપેઢીને પણ પ્રેરણા પૂરી પાડે છે.

બી.એસ. અગ્રવાલ એક એવું નામ છે જેને બાળપણથી સૌથી આગળ રહેવાની આદત હતી. જે તેમના શિક્ષણમાં પણ દેખાઇ આવતી હતી. શરૂઆતનું શાળાકીય શિક્ષણ મેળવ્યા બાદ બી.એસ. અગ્રવાલે વર્ષ ૧૯૬૩માં ગુજરાત યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે એડમિશન લીધું. ભણવાની ધગશ એવી હતી કે ઈન્ટર કોમર્સમાં ફર્સ્ટ આવી એકાઉન્ટમાં ગોલ્ડમેડલ લઈ આવ્યા. વર્ષ ૧૯૬૪માં સર કે. પી. કોલેજ ઓફ કૉમર્સના સ્ટુડન્ટ્સ યુનિયનના જોઈન્ટ સેક્રેટરી તરીકેની કામગીરી કરી ત્યાર બાદ વર્ષ ૧૯૬૫માં ગુજરાત યુનિવર્સિટીમાંથી બી.કોમમાં ફર્સ્ટ ક્લાસ મેળવ્યો.

કોલેજનું શિક્ષણ ઉત્તમ રીતે પૂર્ણ કર્યા બાદ હવે તેનો યોગ્ય ઉપયોગ કરવાનો વારો હતો. વર્ષ ૧૯૬૬માં બી.એસ. અગ્રવાલ સર કે. પી. કોલેજ ઓફ કોમર્સમાં અધ્યાપન કાર્યમાં જોડાયા. પ્રથમ પગલું મક્કમ રીતે મૂક્યા બાદ તેમણે ફરી ક્યારેય પાછળ વળીને જોયું નથી. વર્ષ ૧૯૭૨થી ૨૦૦૧ના સમયગાળા દરમ્યાન તેઓ સુરત શહેરની જાણીતી રેસ્ટોરન્ટ 'સબરસ'ના ભાગીદાર બન્યા. તેઓ સબરસ પ્રા.લિ.ના ચેરમેન બન્યા. ત્યાર બાદ તેમનો પ્રવેશ રીઅલ એસ્ટેટમાં થયો અને તેમાં તેઓ ભાગીદાર બન્યા. વ્યાવસાયિક સંસ્થાઓની વાત કરીએ તો તેમાં સૌથી પહેલું નામ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સનું આવે. બી.એસ.અગ્રવાલ વર્ષ ૧૯૮૯થી આજ દિન સુધી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના મેનેજિંગ કમિટીમાં ચુંટાયેલા સભ્ય રહ્યા છે. જેમાં તેમણે વર્ષ ૧૯૯૧-૯૨માં માનદ મંત્રી તરીકે કામગીરી બજાવી. ત્યાર બાદ ગ્રુપ ચેરમેન બની વર્ષ ૧૯૯૩થી ૨૦૦૫ સુધી વિવિધ સમિતિઓને માર્ગદર્શન પૂરું પાડી અનેકવિધ કાર્યક્રમો યોજ્યા તથા વર્ષ ૨૦૦૨ થી આજ દિન સુધી ચેમ્બરના હાઉસ બુલેટીન 'સમૃદ્ધિ'નું સંપાદન કાર્ય કરતા રહ્યા છે આ ઉપરાંત ૧૯૭૨ થી ૧૯૭૭ ના પાંચ વર્ષ તેઓ સુરત હોટલ ઓનર્સ એસોસિયેશનના ઉપપ્રમુખ તરીકે અને ૧૯૭૭થી ૧૯૯૦ દરમ્યાન ૧૩ વર્ષ પ્રમુખ તરીકે પોતાની ફરજ બજાવી. આ સાથે સુરત બિલ્ડર્સ એસોસિયેશનમાં વર્ષ ૧૯૮૪થી ૧૯૮૮ સુધી માનદમંત્રી તરીકે ફરજ બજાવી.

બી.એસ. અગ્રવાલ શહેરની વિવિધ શૈક્ષણિક અને સામાજિક સંસ્થા સાથે પણ સંકળાયેલા છે. તેઓ વર્ષ ૧૯૮૪ થી ૧૯૮૭ દરમ્યાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સેનેટ મેમ્બર અને વર્ષ ૧૯૮૫ થી ૧૯૮૭ બોર્ડ ઓફ એકાઉન્ટ્સના ચેરમેન રહ્યા. આ સાથે તેઓ વર્ષ ૧૯૭૬માં સુરત જેસીસીમાં જોડાયા અને ૧૯૮૨માં પ્રમુખ તરીકે કામગીરી બજાવી. વર્ષ ૧૯૮૭માં તેઓ જાયન્ટ્સ ગ્રુપ ઓફ નર્મદનગરીમાં પ્રમુખ તરીકે જોડાયા. વર્ષ ૧૯૭૬થી ૧૯૮૬ સુધી બી.એસ. અગ્રવાલ રોટરી ક્લબ ઓફ સુરતના સભ્ય રહ્યા ત્યાર બાદ તેના પ્રોગ્રામ કમિટી અને અન્ય કમિટીઓના ચેરમેન તરીકે પણ કામ કર્યું. વર્ષ ૧૯૮૧ થી ૧૯૯૪ અને ૧૯૯૭-૯૮ના સમયગાળા દરમ્યાન તેઓએ અગ્રવાલ સમાજના માનદમંત્રી તરીકે ફરજ બજાવી અને હાલ અગ્રવાલ સમાજના અધ્યક્ષ છે. આ સાથે તેમણે ગુજરાત પ્રદેશ અગ્રવાલ સંમેલનના મહામંત્રી તરીકે ત્રણ વર્ષની કામગીરી નિભાવી.

વાચન અને વિવિધ તાલીમી કાર્યક્રમોનું સંચાલન કરવાના શોખીન બી.એસ. અગ્રવાલ શહેરની ઘણી સંસ્થાઓમાં વક્તા તરીકે પણ જાય છે. તેઓ ૧૯૬૬થી શ્રી શંભુ દયાળ ફતેચંદ અગ્રવાલ ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે અને એન્ડ્રુઝ લાઈબ્રેરી તથા નગીનચંદ હોલમાં કોષાધ્યાક્ષ તરીકે કામગીરી બજાવી રહ્યા છે. તેઓ સુરત જિલ્લા પુરવઠા સલાહકાર સમિતિમાં બે વાર સભ્ય તરીકે નિયુક્તિ પામ્યા છે. સુરત ઈન્કમટેક્ષ સલાહકાર સમિતિના સભ્ય તરીકે ત્રણ વર્ષ સેવા આપી છે. આ સાથે ફિક્કીની કન્સ્ટ્રક્શન કમિટીના સભ્ય તરીકે તથા ક્રેડાઈ સુરતના સભ્ય તરીકે ગુજરાત અને ઇન્ડિયાના કન્વેશનમાં પ્રતિનિધિ રહ્યા છે.

વધુ જાણવા QR સ્કેન કરો



Excellence is a continous process and not an accident. - APJ Abdul Kalam